### GCAS અને યુનિવર્સિટી વચ્ચે પિસાતા વિદ્યાર્થીઓ

# કોમર્સ ફેકલ્ટીમાં પ્રવેશ પરીક્ષાના નામે વિદ્યાર્થીઓ પર આર્થિક બોજ : સેનેટ સભ્યનો આક્ષેપ

### 7,000 બેઠકો માટે એન્ટ્રન્સ ટેસ્ટ કેમ?

(પ્રતિનિધિ) વડોદરા. તા.5

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડાની કોમર્સ ફેકલ્ટીમાં પ્રથમ વર્ષ B.Com. માં પ્રવેશ મેળવવા ઈચ્છતા હજારો વિદ્યાર્થીઓ અને વાલીઓ હાલ સરકારી નીતિઓ અને યુનિવર્સિટીના વહીવટ વચ્ચે આર્થિક અને માનસિક રીતે પિસાઈ રહ્યા છે. સમગ્ર ગુજરાતમાં ગત વર્ષ 2024 થી શરૂ કરાયેલી સેન્ટ્રલાઈઝડ એડમિશન પ્રોસેસ બાદ હવે MSU ની કોમર્સ ફેકલ્ટી દ્વારા નવી જ પ્રવેશ પરીક્ષા થોપી દેવાતા વ્યાપક રોષ ફાટી નીકળ્યો છે. આ ગંભીર મુદ્દે એમ.એસ. યુનિવર્સિટીના સક્રિય સેનેટ સભ્ય કપિલ જોશીએ વાઈસ ચાન્સેલરને એક પત્ર લખીને ઉગ્ર આક્રોશ વ્યક્ત કર્યો છે અને વિદ્યાર્થીઓના હિતમાં તાકીદે પગલાં લેવાની માંગ કરી છે.

સેનેટ સભ્ય કપિલ જોશીએ પત્રમાં જણાવ્યું છે કે, રાજ્ય સરકાર દ્વારા લાગુ કરાયેલા GCAS પોર્ટલ અંતર્ગત ધોરણ-12 પાસ કરનારા લાખો વિદ્યાર્થીઓ પાસેથી ફરજિયાત 300નું ફોર્મ ભરાવવામાં આવ્યું હતું, જેના કારણે ગત વર્ષે અનેક સ્થાનિક વિદ્યાર્થીઓ પ્રવેશથી વંચિત રહી ગયા હતા. આ આઘાતમાંથી વિદ્યાર્થીઓ બહાર આવે તે પહેલાં જ ચાલુ વર્ષે MSU ની કોમર્સ ફેકલ્ટીએ નવો 'ડ્રામા' શરૂ કર્યો છે. GCAS ફોર્મ ભર્યા બાદ પણ વિદ્યાર્થીઓ પર 200 ની વધારાની એન્ટ્રન્સ ફી સાથે પરીક્ષા થોપી દેવામાં આવી છે. એટલે કે, હજુ તો કોલેજની નિયમિત સેમેસ્ટર ફી ભરવાની બાકી છે ત્યાં જ વિદ્યાર્થીઓએ 500 ચૂકવી દેવા પડ્યા છે.

# BPL-2 : મોરેની તોફાની સદીથી અમી સુપર એવેન્જર્સની પ્રથમ જીત

(પ્રતિનિધિ) વડોદરા તા.5

વડોદરા ક્રિકેટ એસોસિએશન (BCA) ના કોટાંબી સ્ટેડિયમ ખાતે રમાયેલી બરોડા પ્રીમિયર લીગ (BPL) સીઝન-2ની નવમી મેચમાં અમી સુપર એવેન્જર્સે પૃથ્વી પેન્થર્સને 74 રને હરાવી ટુર્નામેન્ટમાં પોતાની પ્રથમ જીત નોંધાવી હતી.

પ્રથમ બેટિંગ કરતા અમી સુપર એવેન્જર્સે 20 ઓવરમાં 218 રનનો વિશાળ સ્કોર ખડક્યો હતો, જે BPLની બંને સીઝનમાં એલેમ્બિક વોરિયર્સ બાદ બીજો સૌથી મોટો સ્કોર ગણાય છે. ટીમના ઓપનર અક્ષય મોરેએ માત્ર 43 બોલમાં 102 રનની તોફાની ઈનિંગ્સ રમી હતી. તેની ઈનિંગ્સમાં 11 છગ્ગા અને 2 ચોગ્ગાનો સમાવેશ થાય છે. આ સદી BPL સીઝન-2ની ત્રીજી સદી હોવા ઉપરાંત લીગના ઈતિહાસની સૌથી ઝડપી સદી તરીકે નોંધાઈ છે. જ્યોત્સ્નિલ સિંહે પણ 42 બોલમાં 65 રનની મહત્વપૂર્ણ ઈનિંગ્સ રમી હતી.

219 રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી પૃથ્વી પેન્થર્સની ટીમ 17.5 ઓવરમાં ઓલઆઉટ થઈ 144 રન જ બનાવી શકી હતી. નારાયણ કાર્તિકેયે 13 બોલમાં 31 રનની લડાયક ઈનિંગ્સ રમી હતી. અમી સુપર એવેન્જર્સ તરફથી ચિંતલ ગાંધી અને શિવમ ભારદ્વાજે 3-3 વિકેટ ઝડપી જીતમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. મેચ બાદ અક્ષય મોરેને 'મેન ઓફ ધ મેચ' તથા 'બેસ્ટ સ્ટ્રાઈકર' એવોર્ડ એનાયત કરાયો હતો.

# 24 કલાક કાર્યરત કંટ્રોલ રૂમ શરૂ અને 20 ફ્લડ રિસ્પોન્સ ટીમો તૈનાત

વડોદરા : આગામી ચોમાસાની ઋતુ દરમિયાન પૂર, જળભરાવ અને અન્ય કુદરતી આપત્તિઓનો અસરકારક રીતે સામનો કરી શકાય તે માટે વડોદરા મહાનગરપાલિકાના અગ્નિશમન અને તાત્કાલિક સેવાઓ વિભાગે વ્યાપક પ્રિ-મોન્સુન તૈયારીઓ પૂર્ણ કરી છે. નાગરિકોની સુરક્ષાને પ્રાથમિકતા આપતાં ફાયર વિભાગે બચાવ કામગીરી માટે જરૂરી તમામ વ્યવસ્થાઓ સજ્જ કરી દીધી છે.

# BPL માત્ર ક્રિકેટ નહીં, યુવા ક્રિકેટરો માટે પ્રેરણાનું મંચ બન્યું



વડોદરા ક્રિકેટ એસોસિએશન (BCA) સ્ટેડિયમ ખાતે 1 જૂનથી 14 જૂન દરમિયાન રમાઈ રહેલી બરોડા પ્રીમિયર લીગ (BPL) સીઝન-2 માત્ર એક ક્રિકેટ ટૂર્નામેન્ટ નહીં, પરંતુ યુવા ક્રિકેટરો માટે પ્રેરણાનું મહત્વપૂર્ણ મંચ બની રહી છે.

લીગમાં રમી રહેલી પાંચ ટીમો - એલેમ્બિક વોરિયર્સ, અમી સુપર એવેન્જર્સ, એ 4 પાવર સ્ટ્રાઈકર્સ, ડાયમંડ ડેઝલર્સ અને પૃથ્વી પેન્થર્સ વચ્ચેની રોમાંચક મેચો જોવા માટે વડોદરાની અકોટા ક્રિકેટ એકેડેમી, ઈસ્લામ જિમખાના, વાય.એસ.સી (યુથ સ્પોર્ટ્સ ક્લબ), હિન્દુ જિમખાના, ગુરુકુલ ક્રિકેટ એકેડેમી, ક્રિકઝોન એકેડેમી, ડિવાઈન એકેડેમી, દર્શનમ સ્પોર્ટ્સ એજ્યુકેશન એકેડેમી, કિરણ મોરે ક્રિકેટ એકેડેમી, સંગ્રામસિંહ ગાયકવાડ સ્પોર્ટ્સ એકેડેમી (SGSS) ના વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ અને કોચ મોટી સંખ્યામાં સ્ટેડિયમમાં ઉપસ્થિત રહી પોતાની પસંદગીની ટીમોને ઉત્સાહભેર સમર્થન આપી રહ્યા છે.

મેચ દરમિયાન વિદ્યાર્થીઓનો ઉત્સાહ, ક્રિકેટ પ્રત્યેનો જુસ્સો અને ખેલાડીઓને મળતું સમર્થન સ્ટેડિયમના વાતાવરણને વધુ જીવંત બનાવે છે. યુવા ક્રિકેટરો BPLના ખેલાડીઓના પ્રદર્શનમાંથી પ્રેરણા મેળવી પોતાના ક્રિકેટિંગ ભવિષ્ય માટે નવી ઊર્જા અને આત્મવિશ્વાસ મેળવે છે.

JioHotstar પર મેચોના જીવંત પ્રસારણ અને CricCenter પર ઉપલબ્ધ લાઈવ સ્કોર દ્વારા દર્શકો આ ઉત્સાહભર્યા માહોલનો અનુભવ કરી રહ્યા છે, જે BPLને વધુ લોકપ્રિય બનાવી રહ્યું છે.

## વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે જાયન્ટ્સ ગ્રુપ ઓફ માંજલપુર દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે જાયન્ટ્સ ગ્રુપ ઓફ માંજલપુર દ્વારા હેવન એન્ક્લેવ, પ્રમુખ પ્રસાદ ચોકડી નજીક, માંજલપુર ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જાયન્ટ્સ ગ્રુપ ઓફ માંજલપુરના પ્રમુખ શ્રી રાજેશભાઈ શાહ, ભાજપ શહેર ઉપપ્રમુખ તથા જાયન્ટ્સ ગ્રુપ ઓફ માંજલપુરના પૂર્વ પ્રમુખ શ્રી નરેન્દ્રભાઈ પટેલ, જાયન્ટ્સ ઈન્ટરનેશનલના ફેડરેશન ડાયરેક્ટર તથા પાસ્ટ પ્રેસિડેન્ટ શ્રી દીપકભાઈ અમીન તેમજ ગ્રુપના સભ્યો શ્રી પ્રકાશભાઈ પટેલ, શ્રી ગોપાલભાઈ ચાવડા, શ્રીમતી મયૂરીબેન પટેલ અને શ્રી કૌશિકભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ વૃક્ષારોપણ કરી પર્યાવરણ સંરક્ષણ અને હરિયાળા પર્યાવરણના નિર્માણનો સંદેશ આપ્યો હતો.

## GSFC યુનિવર્સિટીમાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી



વડોદરા : GSFC યુનિવર્સિટીના એન્વાયરમેન્ટ ક્લબ દ્વારા "Inspired by Nature. For Climate. For Our Future." થીમ હેઠળ આ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉજવણીના ભાગરૂપે યુનિવર્સિટી કેમ્પસમાં "એક પેડ માં કે નામ" અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો. ડિરેક્ટર ઈન્ચાર્જ એડમિનિસ્ટ્રેશન અને કેમ્પસ ડિરેક્ટર એમ. કે. બારોટ, અન્ય ઉચ્ચ અધિકારીઓ, શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારીઓ અને વિદ્યાર્થીઓએ મળીને વૃક્ષારોપણ કર્યું હતું.

## ચાર્જઝોન અને બિલિયન ઈ મોબિલિટી દ્વારા ગ્રીન વિકની ઉજવણી




વડોદરા : વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે ભારતના અગ્રણી EV ચાર્જિંગ નેટવર્ક ચાર્જઝોન અને E-Mobility-as-a-Service પ્લેટફોર્મ બિલિયન-ઈ મોબિલિટીએ પર્યાવરણ સંરક્ષણ માટે અનોખી હરિત પહેલ હાથ ધરી હતી. બંને કંપનીઓએ સ્વચ્છ અને હરિત ભારતના નિર્માણ માટે ટેકનોલોજી સાથે સામાજિક જવાબદારીને પણ મહત્વ આપવાનો સંદેશ આપ્યો હતો. દેશભરમાં 15,000થી વધુ ચાર્જિંગ પોઈન્ટ્સનું નેટવર્ક ધરાવતી ચાર્જઝોને આ પ્રસંગે પોતાના કર્મચારીઓમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ વધારવા વિશેષ અભિયાન શરૂ કર્યું હતું. કંપનીના દરેક કર્મચારીને ડિરેક્ટર કિન્નરી હરિયાણીને હસ્તે એક જીવંત છોડ ભેટ આપવામાં આવ્યો હતો.

## ચોમાસામાં પૂર અને આપત્તિ સામે વડોદરા મહાનગરપાલિકાની તૈયારી

વડોદરા તા.5 આગામી ચોમાસાની ઋતુ દરમિયાન પૂર, જળભરાવ અને અન્ય કુદરતી આપત્તિઓનો અસરકારક રીતે સામનો કરી શકાય તે માટે વડોદરા મહાનગરપાલિકાના અગ્નિશમન અને તાત્કાલિક સેવાઓ વિભાગે વ્યાપક પ્રિ-મોન્સુન તૈયારીઓ પૂર્ણ કરી છે. નાગરિકોની સુરક્ષાને પ્રાથમિકતા આપતાં ફાયર વિભાગે બચાવ કામગીરી માટે જરૂરી તમામ વ્યવસ્થાઓ સજ્જ કરી દીધી છે.ચોમાસા દરમિયાન કટોકટીની સ્થિતિમાં ઝડપી પ્રતિસાદ મળી રહે તે માટે કર્મચારીઓને વિશેષ તરણ તાલીમ, મોક ડ્રિલ અને પ્રાયોગિક અભ્યાસ આપવામાં આવી રહ્યો છે. સાથે જ રબર બોટ, ફાયર બોટ અને અન્ય બચાવ નૌકાઓનું મહીસાગર નદી તથા સુરસાગર તળાવ ખાતે સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે. પાવર જનરેટર, ટ્રેક્ટર અને ટેલિસ્કોપિક લાઈટ સહિતના સાધનોની પણ ચકાસણી કરી તેમને કાર્યક્ષમ બનાવાયા છે. ભારે વરસાદ કે પૂર જેવી પરિસ્થિતિમાં તાત્કાલિક રાહત અને બચાવ કામગીરી માટે શહેરના તમામ વિસ્તારોમાં કાર્યરત રહે તેવી 20 ફ્લડ રિસ્પોન્સ ટીમો તૈયાર કરવામાં આવી છે. ઉપરાંત "ફ્લડ રિસ્પોન્સ પ્લાન-2026" અમલમાં મુકાયો છે.

# વિશ્વ પર્યાવરણ દિવસે સંકટમોચન હનુમાન મંદિરે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



વડોદરા, તા. 5 જૂન – આંતરરાષ્ટ્રીય પર્યાવરણ દિવસ નિમિત્તે સંકટમોચન હનુમાન મંદિર, ઓલ્ડ વિક્રમબાગ, એમ.એસ. યુનિવર્સિટી કેમ્પસ, પ્રતાપગંજ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ પર્યાવરણ સંરક્ષણ, હરિયાળી વધારવા તેમજ યુવા પેઢીમાં પ્રકૃતિ પ્રત્યે જાગૃતિ ફેલાવવાનો હતો.

કાર્યક્રમનું આયોજન અને સંયોજન ડૉ. કપિલદેવ શાસ્ત્રી દ્વારા કરવામાં આવ્યું હતું. ડૉ. શાસ્ત્રી વર્ષોથી પર્યાવરણ જાગૃતિ, વૃક્ષારોપણ અને ભારતીય સંસ્કૃતિના સંરક્ષણ માટે વિવિધ સામાજિક પ્રવૃત્તિઓનું આયોજન કરતા આવ્યા છે. તેમના પ્રયાસોથી સમાજમાં પ્રકૃતિપ્રેમ અને સાંસ્કૃતિક મૂલ્યોના સંવર્ધન માટે સતત પ્રેરણા મળી રહી છે.

આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવો, સમાજના આગેવાનો અને કાર્યકરોએ વૃક્ષોના મહત્વ અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે વૃક્ષો પર્યાવરણનું સંતુલન જાળવવા ઉપરાંત સ્વચ્છ હવા, આરોગ્યપ્રદ જીવન અને કુદરતી સંપત્તિના સંરક્ષણ માટે અત્યંત જરૂરી છે.

કાર્યક્રમ દરમિયાન વિવિધ પ્રકારના છોડનું વાવેતર કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત તમામ લોકોએ વધુમાં વધુ વૃક્ષો વાવવા અને પર્યાવરણ રક્ષણ માટે સતત કાર્યરત રહેવાનો સંકલ્પ લીધો હતો.

"વૃક્ષ વાવો - પર્યાવરણ બચાવો"ના પ્રેરણાદાયી સંદેશ સાથે કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

# વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે આકાશવાણી ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



### વૃક્ષોનું જતન જ પર્યાવરણ રક્ષણનો સાચો માર્ગ

વડોદરા : વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે મકરપુરા રોડ સ્થિત આકાશવાણી વડોદરા કેન્દ્ર ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નેચર લવર ફાઉન્ડેશનના સ્થાપક તથા સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયામાં મેનેજર તરીકે ફરજ બજાવતા શ્રી જીતેન્દ્ર કારીયા વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. શ્રી જીતેન્દ્ર કારીયાના વરદ હસ્તે આકાશવાણી પરિસરમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં આકાશવાણી વડોદરાના સ્ટેશન પ્રમુખ અને કાર્યક્રમ અધ્યક્ષ શ્રી જગદીશ પરમાર, સહાયક નિયામક (કાર્યક્રમ), અભિયાંત્રિકી વિભાગના વડા શ્રી રેજિથકુમાર પી.એમ., સહાયક અભિયંતા તેમજ કેન્દ્રના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીના ભાગરૂપે આકાશવાણી ખાતે ધ્વનિમુદ્રણ માટે વલસાડથી પધારેલા જાણીતા વાર્તાકાર શ્રી અરવિંદભાઈ પટેલ અને શ્રી રાજેશભાઈ દ્વારા પણ આકાશવાણીના પ્રાંગણમાં વિશિષ્ટ મિયાઝાકી આંબાની કલમનું રોપણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સ્ટેશન પ્રમુખ શ્રી જગદીશ પરમારે ઉપસ્થિત મહેમાનો અને કર્મચારીઓને પર્યાવરણ સંરક્ષણ માટે દરેક વ્યક્તિએ ઓછામાં ઓછું એક વૃક્ષ વાવી તેનું જતન કરવાની પ્રેરણા આપી હતી.

વિશેષ અતિથિ શ્રી જીતેન્દ્ર કારીયાએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, દિવસેને દિવસે વધતા તાપમાન અને પર્યાવરણીય પડકારોને ધ્યાનમાં રાખીને માત્ર પંખા અને એર કન્ડિશનર પર આધાર રાખવાને બદલે વધુમાં વધુ વૃક્ષો વાવવા અને તેનું સંરક્ષણ કરવા માટે સૌએ સંકલ્પબદ્ધ બનવું જોઈએ. તેમણે આ સુંદર આયોજન બદલ આકાશવાણી પરિવારનો આભાર વ્યક્ત કર્યો હતો.


DGVCL

**દક્ષિણ ગુજરાત વીજ કંપની લી**
CINU40102GJ2003SGC042909
અંકલેશ્વર ઔદ્યોગીક વિભાગીય કચેરી
ઓએનજીસી કેમ્પસની સામે, અંકલેશ્વર
ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૮૦૦૨૩૩૩૦૦૩ અથવા ૧૯૧૨૩

DGVCL

**વીજ પુરવઠો બંધ રહેવા અંગેની જાહેરાત**

આથી અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે નીચે જણાવેલ તારીખ અને સમય દરમ્યાન નીચે જણાવેલ ફીડરો પર જેટકો દ્વારા અગત્યનું સમારકામ કરવાનું હોવાથી વીજપુરવઠો મળશે નહી.

| ક્રમ | સબ સ્ટેશનનું નામ | ફિડરનું નામ | સબ ડિવિઝનનું નામ | ફોલ્ટ સેન્ટર નંબર | તારીખ અને વાર | સમય |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૬૬ કેવી અર્બન અંકલેશ્વર | ફીડર નં-૦૨ (જી.એચ.બી) | અંકલેશ્વર ટાઉન | ૧૯૧૨૩ | ૦૮.૦૬.૨૦૨૬ સોમવાર | ૦૭.૦૦ થી ૧૧.૦૦ |
| ૨ | ૬૬ કેવી અર્બન અંકલેશ્વર | ફીડર નં-૦૧ (હાંસોટ રોડ) | | | ૧૦.૦૬.૨૦૨૬ બુધવાર | ૦૭.૦૦ થી ૧૧.૦૦ |
| ૩ | ૬૬ કેવી અર્બન અંકલેશ્વર | ફીડર નં-૦૬ (સર્વોદય) | | | ૨૨.૦૬.૨૦૨૬ સોમવાર | ૦૭.૦૦ થી ૧૧.૦૦ |
| ૪ | ૬૬ કેવી અર્બન અંકલેશ્વર | ફીડર નં-૦૬ (દિનેશ મિલ) | | | ૨૪.૦૬.૨૦૨૬ બુધવાર | ૦૭.૦૦ થી ૧૧.૦૦ |
| ૫ | ૧૩૨ કેવી અંકલેશ્વર | ફીડર નં-૦૯ (સ્ટેશન રોડ) | | | ૨૭.૦૬.૨૦૨૬ શનિવાર | ૦૭.૦૦ થી ૧૧.૦૦ |
| ૬ | ૧૩૨ કેવી અંકલેશ્વર | ફીડર નં-૧૨ (બાપુ નગર) | | | ૨૭.૦૬.૨૦૨૬ શનિવાર | ૦૭.૦૦ થી ૧૧.૦૦ |

કામ પુર્ણ થયા પછી કોઇપણ જાતની જાણ કર્યા સિવાય વીજપુરવઠો ચાલુ કરવામાં આવશે. જેની જાહેરજનતાએ નોંધ લેવા વિનંતી છે.

કાર્યપાલક ઇજનેર(ઔદ્યોગીક), અંકલેશ્વર

"એમ.સી.બી./ઈ.એલ.સી.બી./આર.સી.સી.બી. લગાવી વીજળી ના ઝટકા થી બચો અને વીજ અકસ્માત ટાળો"



इंडियन बैंक Indian Bank
इलाहाबाद ALLAHABAD

ઝોનલ ઓફિસ સુરત : ૧૦૧-૧૦૨, ત્રીજો માળ, વેસ્ટ ફિલ્ડ સ્કેવર, સુરત-૩૯૫૦૦૭

**ઈ-હરાજી વેચાણ નોટિસ સ્થાવર મિલકતોના વેચાણ માટે (જુઓ પ્રોવિસો નિયમ ૮(૬)) એનેક્ષર-II**

Bank Website | E-Auction Website

ધી સીક્યુરીટાઈઝેશન અને રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શીયલ એસેટસ્ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ,૨૦૦૨, જેને સીક્યોરીટી ઈન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના નિયમ ૮(૬) ની જોગવાઈ સહિત વંચાણે લેતા નીચે જણાવેલ સ્થાવર મિલકતોના વેચાણ માટેની ઈ-હરાજી.
આથી જાહેર જનતા ને સાધારણ રીતે અને નીચે જણાવેલ કરજદાર(રો) અને જામીનદાર(રો) ને વિશેષ રીતે જણાવવાનું કે નીચે મુજબની સ્થાવર મિલકતો ઈંડિયન બેંક પાસે ગિરવે રાખેલ / ચાર્જ કરેલ છે. જે સ્થાવર મિલકતોનો સાંકેતિક /પ્રત્યક્ષ કબજો ઈંડિયન બેંક ના અધિકૃત અધિકારી દ્વારા લઈ લેવામાં આવેલ છે. સિક્યોર્ડ ક્રેડિટર દ્વારા જે તમામ ને ''જેમ છે જયાં છે અને જેવી છે તેવી છે'' ના ધોરણે તારીખ 24/06/2026 ના રોજ નીચે જણાવેલ ખાતાઓ પાસે લેવાની રકમની વસૂલાત માટે વેચાણ કરવામાં આવશે. કરજદારો/જામીનદારો/મિલકતો/અનામત કિંમત/ઈએમડી અને ઈ-ઓકશનની તારીખની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ નં. | શાખા | કરજદાર/જામીનદારો/મોર્ગેજરોના નામ | તા.૦૩/૦૬/૨૦૨૬ ના રોજની કુલ બાકી | ડિમાન્ડ નોટીસની તારીખ | સાંકેતિક / પ્રત્યક્ષ કબજા હેઠળની સ્થાવર મિલકતનું ચતુઃ દિશા સહિતનું વર્ણન તેમજ અન્ય બોજા ની વિગત, જો કોઈ હોય તો. | કબજાનો પ્રકાર | અનામત કિંમત / ઈએમડી (In Rs.) | મિલકતનો ID નંબર. | અધિકૃત અધિકારીનું નામ અને મો.નં. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | રાજમહલ રોડ વડોદરા | (૧) શ્રીમતિ નીમા રાજેશ પટાણી (કરજદાર/મોર્ગેજર) (૨) શ્રી આશિષ રાજેશભાઈ પટાણી (કરજદાર/મોર્ગેજર) | રૂા.૨૯,૮૩,૮૬૦.૬૦ | ૧૫/૦૩/૨૦૨૪ | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી રહેઠાણ મિલકત ફ્લેટ નં. બી/૧૦૧, '' શ્રી વલ્લભ હાઈટસ'', પહેલો માળ, માપ ૧૦૧૨.૫૮ ચો.ફૂટ (૯૫.૦૦ ચો.મીટર્સ) જમીન અને કોમન રોડ અને રસ્તામાં અવિભાજીત પ્રમાણસર હિસ્સાનું માપ ૩૬.૬૫ ચો.મીટર્સ, રેવન્યુ સર્વે નં. ૩૨૧/૧, ૩૨૧/૨ પૈકી, ૧૫૫૯ ચો.મીટર્સ, જે બિન-ખેતી જમીન સ્થિત. ગામઃ દંતેશ્વર વડોદરા. શ્રીમતિ નીમા રાજેશ પટાણી અને શ્રી આશિષ રાજેશ પટાણી ના નામની. ચર્તુદિશાઃ ઉત્તરેઃ ટાવર-એ, દક્ષિણેઃ ફ્લેટ નં. બી/૧૦૨, પૂર્વેઃ શ્રી વલ્લભ હોમ્સ, પશ્ચિમેઃ ૩૬.૦૦ મીટર રસ્તો. | પ્રત્યક્ષ | 25,00,000/- / 2,50,000/- | IDIB30424952558 | Mr. Rameshwar Lal Prajapat (M) 7568507016 |
| ૨. | ગોત્રી રોડ વડોદરા | (૧) શ્રી મનિષ પટેલ (કરજદાર અને મોર્ગેજર) (૨) શ્રીમતિ રૂપલ પટેલ (જામીનદાર) | રૂા.૧,૨૧,૪૮,૧૮૫.૧૫ | ૦૭/૦૪/૨૦૨૧ | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી રહેઠાણ મિલકત દેવ દર્શન બંગલો, વેદાંત વાટિકાની બાજુમાં, જાંબુવા સબ-સ્ટેશન નજીક, એનએચ-૮ , જાંબુવા સુંદરપુર રોડ વડોદરા. ઘર નં. એ-૨૦, જમીન વિસ્તાર ૧૦૦૦ ચો.ફૂટ, બિલ્ટપ વિસ્તાર ૧૨૭૬ ચો.ફૂટ. જે શ્રી મનિષ પટેલ ના નામની. ચર્તુદિશાઃ ઉત્તરેઃ ૭.૫૦ મીટર સોસાયટી રસ્તો, દક્ષિણેઃ યુનીટ નં. બી-૨૫, પૂર્વેઃ યુનીટ નં. એ-૨૧, પશ્ચિમેઃ યુનીટ નં.એ-૧૯. | પ્રત્યક્ષ | 20,00,000/- / 2,00,000/- | IDIB0211689807 | Mr. Rameshwar Lal Prajapat (M) 7568507016 |
| ૩. | | | | | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી રહેઠાણ મિલકત દેવ દર્શન બંગલો, વેદાંત વાટિકાની બાજુમાં, જાંબુવા સબ-સ્ટેશન નજીક, એનએચ-૮ , જાંબુવા સુંદરપુર રોડ વડોદરા. ઘર નં. બી-૨૫, જમીન વિસ્તાર ૮૪૪ ચો.ફૂટ, બિલ્ટપ વિસ્તાર ૧૦૪૬ ચો.ફૂટ. જે શ્રી મનિષ પટેલ ના નામની. ચર્તુદિશાઃ ઉત્તરેઃ યુનીટ નં. એ-૨૦, દક્ષિણેઃ ૭.૫૦ મીટર સોસાયટી રસ્તો, પૂર્વેઃ યુનીટ નં. બી-૨૪, પશ્ચિમેઃ યુનીટ નં.બી-૨૬. | પ્રત્યક્ષ | 16,65,000/- / 1,66,500/- | IDIB0211689815 | |
| ૪. | | | | | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી રહેઠાણ મિલકત દેવ દર્શન બંગલો, વેદાંત વાટિકાની બાજુમાં, જાંબુવા સબ-સ્ટેશન નજીક, એનએચ-૮ , જાંબુવા સુંદરપુર રોડ વડોદરા. ઘર નં. બી-૩૦, જમીન વિસ્તાર ૮૪૪ ચો.ફૂટ, બિલ્ટપ વિસ્તાર ૧૦૪૬ ચો.ફૂટ. જે શ્રી મનિષ પટેલ ના નામની. ચર્તુદિશાઃ ઉત્તરેઃ યુનીટ નં. એ-૧૫, દક્ષિણેઃ ૭.૫૦ મીટર સોસાયટી રસ્તો, પૂર્વેઃ યુનીટ નં. બી-૨૯, પશ્ચિમેઃ યુનીટ નં.બી-૩૧. | પ્રત્યક્ષ | 16,65,000/- / 1,66,500/- | IDIB0211689817 | |
| ૫. | | | | | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી રહેઠાણ મિલકત દેવ દર્શન બંગલો, વેદાંત વાટિકાની બાજુમાં, જાંબુવા સબ-સ્ટેશન નજીક, એનએચ-૮ , જાંબુવા સુંદરપુર રોડ વડોદરા. ઘર નં. બી-૩૪, જમીન વિસ્તાર ૮૪૪ ચો.ફૂટ, બિલ્ટપ વિસ્તાર ૧૦૪૬ ચો.ફૂટ. જે શ્રી મનિષ પટેલ ના નામની. ચર્તુદિશાઃ ઉત્તરેઃ ૭.૫૦ મીટર સોસાયટી રસ્તો, દક્ષિણેઃ રે.સર્વે નં. ૨૩૦, પૂર્વેઃ યુનીટ નં. બી-૩૫, પશ્ચિમેઃ યુનીટ નં.બી-૩૩. | પ્રત્યક્ષ | 16,65,000/- / 1,66,500/- | IDIB0211689829 | |
| ૬. | કતારગામ, સુરત | (૧) શ્રી કેતનભાઈ મનસુખભાઈ ખીચડીયા (કરજદાર અને મોર્ગેજર), (૨) શ્રીમતિ રેખાબેન એમ. ખીચડીયા (જામીનદાર) | રૂા.૩૭,૮૧,૧૦૩.૬૩ | ૧૫/૦૪/૨૦૨૫ | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી રહેણાંક મિલકત ફ્લેટ નં. ૬૦૩, છઠ્ઠી માળ, ''શ્રીનાથ ગાર્ડેનીયા'', જેનું નીચેની જમીનમાં અવિભાજીત પ્રમાણસર હિસ્સા સહિતનું બિલ્ટપ વિસ્તારનું માપ ૯૫.૭૨ ચો.મીટર્સ, સ્થિત જમીનનો રેવન્યુ સર્વે નં. ૪૪૮/૨, બ્લોક નં. ૬૯૭, માપ ૨૫૨૯.૦૦ ચો.મીટર્સ, ટી.પી. સ્કીમ નં. ૬૬(કોસાડ-વરીયાવ), ફાઈનલ પ્લોટ નં. ૧૫૯, માપ ૧૭૭૦.૦૦ ચો.મીટર્સ. સ્થિત ગામઃ કોસાડ, તાલુકોઃ અડાજણ, જિલ્લોઃ સુરત, જે શ્રી કેતનભાઈ મનસુખભાઈ ખીચડીયા ના નામની. જેની ચર્તુદિશાઃ ઉત્તરેઃ જોડાયેલ સીઓપી અને રસ્તો, દક્ષિણેઃ જોડાયેલ સોસાયટીની દિવાલ, પૂર્વેઃ જોડાયેલ સોસાયટીની દિવાલ, પશ્ચિમે : જોડાયેલ રસ્તો. | પ્રત્યક્ષ | 35,00,000/- / 3,50,000/- | IDIB30516792939 | Mr. Jagdish Sen (M) 7200094119 |
| ૭. | પર્વત પાટીયા, સુરત | (૧) શ્રી કલ્પેશ ભટુભાઈ ડાંગલે (કરજદાર અને મોર્ગેજર) (૨) શ્રીમતિ સવિતા કલ્પેશ ડાંગલે (સહ-કરજદાર) (૩) શ્રી સચીન ભટુભાઈ ડાંગલે (જામીનદાર) | રૂા.૧૯,૩૫,૯૧૬.૯૨ | ૩૧/૦૩/૨૦૨૩ | રહેણાંક ઘર પ્લોટ નં. ૨૩૩, ''નીલકંઠ રેસીડેન્સી '' સ્થિત જમીન નો બ્લોક નં. ૨૭૩/એ,(કેજેપી મુજબ બ્લોક નં. ૨૭૩/એ/૨૩૩ માપ ૪૦.૧૯ ચો.મીટર્સ), ૪૦.૧૯ ચો.મીટર્સ. માપ ધરાવતા સોસાયટીના સીઓપી જમીન અને રોડ માર્જીનમાં અવિભાજીત હિસ્સો સહિત, ગામઃ તાંતીથૈયા, તાલુકોઃ પલસાણા, જિલ્લોઃ સુરત. | પ્રત્યક્ષ | 8,00,000/- / 80,000/- | IDIB3270002553 | Mr. Sandeep Shinde (M) 9004191027 |
| ૮. | સલાબતપુરા, સુરત | (૧) શ્રી દેસાલે ભાટુ વસંતભાઈ (કરજદાર અને મોર્ગેજર), (૨) શ્રીમતિ દેસાલે અરૂણ ભાટુ (કરજદાર અને મોર્ગેજર) | રૂા.૧૦,૪૧,૮૦૧.૬૧ | ૧૮/૦૮/૨૦૨૫ | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી પ્લોટ નં. ૩૧૩, ''રાશી રેસીડન્સી'' મંજૂર પ્લાન મુજબ જેનું માપ ૪૦.૧૩ મીટર્સ અને કેજેપી મુજબ બ્લોક નં. ૧૨૪/૩૧૩, લે-આઉટ પ્લાન મુજબ માપ ૪૨.૦૫ ચો.મીટર્સ, જેની સાથે ૨૧.૮૭ ચો.મીટર્સ માપ ધરાવતા રસ્તા અને સીઓપી માં અવિભાજીત હિસ્સો સહિત. જે સ્થિત જમીનનો બેરીંગ નં. ૧૨૪ (રેવન્યુ સર્વે નં. ૧૧૫) કુલ માપ ૩૩૪૧૫ ચો.મીટર્સ, ગામ કારેલી, સબ જીલ્લો પલસાણા, જીલ્લો સુરત. મિલકતની ચર્તુદિશાઃ ઉત્તરેઃ પ્લોટ નં. ૩૧૪, પૂર્વેઃ પ્લોટ નં. ૩૬૮, પશ્ચિમેઃ સોસાયટી આંતરિક રોડ. | પ્રત્યક્ષ | 7,97,000/- / 79,700/- | IDIB3319527173 | Mr. Kumar Prashant (M) 9935390324 |
| ૯. | ભટાર, સુરત | (૧) શ્રી વકતાવરસિંહ માગસિંહ રાજપુરોહિત (કરજદાર / મોર્ગેજર / જામીનદાર), (૨) શ્રીમતિ કોશલ કનવર રાજપુરોહિત (સહ-કરજદાર/જામીનદાર), | રૂા.૮૬,૩૦,૫૩૦.૨૭ | ૦૭/૧૦/૨૦૨૫ | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત જે ધંધાકીય દુકાન નં. ૧૩, ''અભિનંદન એ.સી. માર્કેટ'', અપર ગ્રાઉન્ડ, જેનુ સુપર બિલ્ટપ વિસ્તારનું માપ ૯૪.૬૫ ચો.ફૂટ. એટલે કે સમકક્ષ ૮.૮૦ ચો.મીટર્સ, કારપેટ વિસ્તારનું માપ ૭૨.૮૬ ચો.ફૂટ. એટલે કે સમકક્ષ ૬.૭૭ ચો.મીટર્સ, જમીન પર બિલ્ડીંગ વિશાલ રોહીણી કો. ઓ. હાઉસીંગ સોસાયટી લીમીટેડ અવિભાજીત પ્રમાણસર હિસ્સા સહિત સ્થિત જમીનનો ફાઈનલ પ્લોટ નં. ૨૯૩/એ, ટી.પી. સ્કીમ નં.૫(અઠવા), નોંધ નં. ૨૩૮૩ વોર્ડઃ અઠવા, રેવન્યુ સર્વે નં. ૭૭, મોજેઃ અઠવા, તાલુકોઃ સુરત સીટી, જિલ્લોઃ સુરત, રાજયઃ ગુજરાત. વેચાણ દસ્તાવેજ મુજબ જેની ચર્તુદિશાઃ ઉત્તરેઃ જોડાયેલ ખુલ્લી જગ્યા, દક્ષિણેઃ જોડાયેલ પેસેજ અને દુકાન નં. યુ/૩૮, પૂર્વેઃ જોડાયેલ દુકાન નં. યુ/૨૯, પશ્ચિમે : જોડાયેલ દુકાન નં. યુ/૧૨. | પ્રત્યક્ષ | 32,00,000/- / 3,20,000/- | IDIB30648793374 | Mr. Chintu Kumar 8884882422 |
| ૧૦. | | | | | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત જે ધંધાકીય દુકાન નં. યુજી-૯, ''જોલી શોપિંગ પોઈન્ટ'', અપર ગ્રાઉન્ડ, જેનુ સુપર બિલ્ટપ વિસ્તારનું માપ ૨૮૩.૦૦ ચો.ફૂટ. એટલે કે સમકક્ષ ૨૬.૨૯ ચો.મીટર્સ, બિલ્ટપ વિસ્તારનું માપ ૨૧.૯૦ ચો.ફૂટ. જે જમીન પર અવિભાજીત પ્રમાણસર હિસ્સા સહિત સ્થિત જમીનનો પ્લોટ નં.૧+૨+૩+૪+૫+૬ જેમાં ફાઈનલ પ્લોટ નં. ૧૨૬ પૈકી, ટી.પી. સ્કીમ નં. ૫ (અઠવા-ઉમરા), સીટી સર્વે નં. ૨૦૫૦ પૈકી વોર્ડઃ અઠવા, રેવન્યુ સર્વે નં. ૨૫૧/એ પૈકી, મોજેઃ અઠવા, તાલુકોઃ સુરત સીટી, જિલ્લોઃ સુરત, રાજયઃ ગુજરાત. વેચાણ દસ્તાવેજ મુજબ જેની ચર્તુદિશાઃ ઉત્તરેઃ જોડાયેલ દુકાન નં. યુજી/૦૮, દક્ષિણેઃ જોડાયેલ દુકાન નં. યુજી/૧૦, પૂર્વેઃ જોડાયેલ ખુલ્લી જગ્યા, પશ્ચિમે : જોડાયેલ પેસેજ. | પ્રત્યક્ષ | 35,00,000/- / 3,50,000/- | IDIB30648793374A | |
| ૧૧. | અંકલેશ્વર | (૧) શ્રી ગાંધી પ્રસાદ (કરજદાર અને મોર્ગેજર) (૨) શ્રીમતિ નીતુ દેવી (સહ-કરજદાર અને મોર્ગેજર) | રૂા.૧૦,૨૫,૧૮૪.૮૮ | ૨૩/૦૪/૨૦૨૪ | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી રહેઠાણ મિલકત જૂનો બ્લોક/સર્વે નં. ૧૧૩ ( નવો બ્લોક /સર્વે નં. ૧૩૧૮) પૈકી પ્લોટ નં. ૭૦ બી, ''ગ્રીન સીટી'', જેના વિસ્તારનું માપ ૪૮.૫૧ ચો.મીટર્સ, બિલ્ટપ ૪૪.૨૭ ચો.મીટર્સ. જે નીતુદેવી ગાંધી પ્રસાદ ના નામની. ચર્તુદિશાઃ ઉત્તરેઃ લાગુ પ્લોટ નં. ૭૦/એ, દક્ષિણેઃ લાગુ સોસાયટી રસ્તો, પૂર્વેઃ લાગુ સોસાયટી રસ્તો, પશ્ચિમેઃ લાગુ બ્લોક/સર્વે નં. | પ્રત્યક્ષ | 8,69,000/- / 86,900/- | IDIB3303166177 | Mr. Tikendra Verma (M) 9131718982 |
| ૧૨. | અંકલેશ્વર | (૧) શ્રી મેહબુબ આલમ સિદ્દીક (કરજદાર અને મોર્ગેજર), (૨) શ્રીમતી સમાશુનીશા સિદ્દીક (સહ-કરજદાર અને મોર્ગેજર), (૩) શ્રી હબીબ શેખ જે ખલીલ એ. શેખ ના પુત્ર (જામીનદાર) | રૂા.૧૫,૨૯,૫૨૦.૫૬ | ૧૮/૦૩/૨૦૨૫ | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી રહેણાંક મિલકત પ્લોટ નં. ૧૧૮, ''સાઈ દર્શન રેસીડેન્સી'' થી જાણીતી યોજના, જેનું માપ ૬૮.૫૫ ચો.મીટર્સ, જે સ્થિત જમીનનો રેવન્યુ સર્વે નં. ૨૦૪, ૨૦૫-બી પૈકી, સ્થિત ગામઃ કાપોદ્રા, સબ-જિલ્લોઃ અંકલેશ્વર અને જીલ્લોઃ ભરૂચ. જેની ચર્તુદિશાઃ ઉત્તરેઃ સોસાયટીનો રસ્તો, દક્ષિણેઃ પ્લોટ નં. ૧૧૯, પૂર્વેઃ સોસાયટીનો રસ્તો, પશ્ચિમેઃ પ્લોટ નં. ૧૧૭. | પ્રત્યક્ષ | 11,61,000/- / 1,16,100/- | IDIB11760399461 | Mr. Tikendra Verma (M) 9131718982 |
| ૧૩. | અડાજણ, સુરત | (૧) શ્રી વિનાયક પોપટભાઈ પાટિલ (કરજદાર/મોર્ગેજર) (૨)શ્રીમતિ સુમન વિનાયક પાટિલ (સહ-કરજદાર/મોર્ગેજર) (૩)શ્રી કિશો એકનાથ મોરે (જામીનદાર) | રૂા.૧૪,૮૬,૦૯૫.૨૩ | ૧૨/૦૬/૨૦૨૫ | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી રહેણાંક મિલકત જે પ્લોટ નં. ૩૦,''સાઈ આંગન રેસીડેન્સી'', જનો પ્લોટ વિસ્તાર માપ ૪૪.૬૨ ચો.મીટર્સ. (કેજેપી બાદ બ્લોક નં. ૮૫/૩૦, માપ આશરે માપ ૪૦.૨૩ ચો.મીટર્સ.) રોડ અને સીઓપી માં અવિભાજીત પ્રમાણસર હિસ્સા સહિત જમીન નું આશરે માપ ૨૧.૨૫ ચો.મીટર્સ. સ્થિત જમીન નો રેવન્યુ સર્વે નં. ૧૦૦, જેનો બ્લોક નં. ૮૫, માપ આશરે ૩૯,૯૫૬ ચો.મીટર્સ, ગામઃ જોલવા, સબ જિલ્લોઃ પલસાણા, જિલ્લોઃ સુરત, ચર્તુદિશાઃ ઉત્તરેઃ જોડાયેલ પ્લોટ નં. ૩૧, દક્ષિણેઃ જોડાયેલ પ્લોટ નં. ૩૨, પૂર્વેઃ જોડાયેલ લાગુ સોસાયટીનો આંતરિક રસ્તો. પશ્ચિમેઃ જોડાયેલ પ્લોટ નં. ૧૫. | પ્રત્યક્ષ | 9,27,000/- / 92,700/- | IDIB3245979630 | Mr. Tikendra Verma (M) 9131718982 |
| ૧૪. | અડાજણ, સુરત | (૧) શ્રી ગોબરભાઈ કાનજીભાઈ વાઘેલા (કરજદાર/મોર્ગેજર) (૨) શ્રીમતિ ભાવનાબેન ગોબરભાઈ વાઘેલા (સહ-કરજદાર/મોર્ગેજર) | રૂા.૧૧,૬૦,૭૧૭.૧૭ | ૧૨/૦૬/૨૦૨૫ | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત જે પ્લોટ નં. ૦૨૯૫ (પ્લાન પાસ થયા મુજબ, પ્લોટ નં. ૩૩૯) ''હરિધામ (દક્ષિણ) કો-ઓપરેટીવ સોસાયટી લિ. '' ના અવિભાજીત પ્રમાણસર હિસ્સા સહિત. જે સ્થિત જમીનનો બ્લોક નં. ૯૧ પૈકી, જેનો સર્વે નં. ૧૨૪/૧ અને ૧૨૬/૧, મોજે ગામઃ કડોદરા, તાલુકોઃ પલસાણા, જિલ્લોઃ સુરત. વેચાણ દસ્તાવેજ મુજબ ચર્તુદિશાઃ ઉત્તરેઃ લે-આઉટ મુજબ પ્લોટ નં. ૨૯૪, દક્ષિણેઃ જોડાયેલ સોસાયટીની દિવાલ, પૂર્વેઃ જોડાયેલ સોસાયટીનો રસ્તો, પશ્ચિમેઃ લે-આઉટ મુજબ પ્લોટ નં. ૨૫૨. | પ્રત્યક્ષ | 13,36,000/- / 1,33,600/- | IDIB3282760795 | Mr. Tikendra Verma (M) 9131718982 |
| ૧૫. | અલકાપુરી, વડોદરા | (૧) શ્રી મિતુલકુમાર છગનભાઈ પટેલ (કરજદાર અને મોર્ગેજર) (૨) શ્રી વિમલ કાનજીભાઈ માનવર (જામીનદાર) | રૂા.૬૫,૬૧,૯૩૪.૩૩ | ૧૭/૦૪/૨૦૨૫ | જમીન જેનું રજીસ્ટ્રેશન જી. વડોદરા અને સબ જીલ્લો વડોદરા, મોજે ગામ ગૌત્રી, રેવન્યુ સર્વે નં. ૪૧૧/૩, બિલ્ડીંગ ''પ્રકૃતિ રેસીડેન્સી'', ટાવર (એ)પર્લ, ફ્લેટ નં. ૪૦૧, ચોથો માળ, બિલ્ટપ વિસ્તારનું માપ ૧૨૦.૬૬ ચો.મીટર અને અવિભાજીત જમીન અને કોમન પ્લોટ વિસ્તાર માપ ૯૩.૦૦ ચો. મીટર. જે મિલકતની ચતુઃદિશાઃ ઉત્તરેઃ ફ્લેટ નં. ૪૦૨, દક્ષિણેઃ ૭.૫ મીટર રસ્તો,પૂર્વેઃ ફ્લેટ નં. ૪૦૪, પશ્ચિમેઃ ૩૦.૦૦ મીટર રસ્તો. | પ્રત્યક્ષ | 44,07,000/- / 4,40,700/- | IDIB30570677932 | Mr. Rameshwar Lal Prajapati (M) 7568507016 |

બીડ વધારવાની કિંમત રૂા.૧૦,૦૦૦/- | ઈચ્છુક બિડરો/ખરીદારોએ ઈએમડીની રકમ પોર્ટલના તેમના ગ્લોબલ ઈએમડી વોલેટમાં તા.૨૪/૦૬/૨૦૨૬ સુધીમાં ટ્રાન્સફર કરવાના રહેશે, એટલે કે, ઈ-ઓકશન તારીખ અને સમય પહેલા.

મિલકત નિરીક્ષણની તારીખ અને સમય : ૦૬/૦૬/૨૦૨૬ થી ૨૩/૦૬/૨૦૨૬ ના રોજ સવારે ૧૦.૦૦ થી સાંજે ૪.૦૦ કલાક દરમ્યાન ઈ-ઓકશનની તારીખ અને સમય : ૨૪/૦૬/૨૦૨૬ સવારે ૧૦.૦૦ થી બપોરે ૫.૦૦ (દરેક માટે ૧૦ મિનિટસના અનલિમીટેડ વિસ્તરણ સાથે)

Bidders are advised to visit the website (https://baanknet.com) of our e auction service provider PSB Alliance Pvt. Ltd to participate in online bid. For Technical Assistance Please call **PSB Alliance Pvt. Ltd Helpdesk No. 8291220220,email ID: - support.baanknet@psballiance.com** and other help line numbers available in service providers help desk. For Registration status with PSB Alliance Pvt. Ltd. and EMD status, please contact **support.baanknet@psballiance.com.** For property details and photograph of theproperty and auction terms and conditions please visit: https://baanknet.comand for clarifications related to this portal, please contact Help desk No.**8291220220** Bidders are advised to use Property ID Number mentioned above while searching for the property in the website with **https://baanknet.com.**

તારીખ: ૦૬/૦૬/૨૦૨૬,
સ્થળ: સુરત.

સરફેસી એક્ટ, ૨૦૦૨ હેઠળ દેણદારો/ ગિરવેદારોને ૧૫ દિવસની વેચાણ નોટિસ
(વેચાણ નોટીસના અંગ્રેજી ભાષા કરતા જો અન્ય ભાષામાં હોય તો, કોઈપણ કાયદાકીય ગૂચવણ હેતુ, અંગ્રેજી ભાષાની નોટીસ જ માન્ય રહેશે)

અધિકૃત અધિકારી,
ઈંડિયન બેંક.